BRAMPTON Service and Information Update

# વર્ષ 2022 ની બ્રેમ્પટન મ્યુનિસિપલ અને સ્કૂલ બોર્ડની ચૂંટણી માટે ઉમેદવારોના નામાંકન સ્વીકારવાનું ઓગસ્ટ 19 નાં રોજ બંધ થશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ઓગસ્ટ 2, 2022) – સીટી ઑફ બ્રેમ્પટન ક્લાર્કની ઑફિસ દ્વારા 2022 બ્રેમ્પટન મ્યુનિસિપલ અને સ્કૂલ બોર્ડની ચૂંટણી માટે ઉમેદવારોના નામાંકનો અને ત્રાહિત પક્ષ જાહેરાતકર્તાઓની નોંધણીઓ સ્વીકારવાનું ચાલુ છે. ઉમેદવારો માટે નામાંકન દાખલ કરવાનો સમયગાળો શુક્રવાર, ઓગસ્ટ 19, 2022 નાં રોજ, બપોરે 2 કલાકે પૂરો થાય છે.

ત્રાહિત પક્ષ જાહેરકર્તાઓ માટે નોંધણી સમયગાળો ઓક્ટોબર 21, 2022 સુધી ચાલુ રહેશે.

ઉમેદવારો અને ત્રાહિત પક્ષ જાહેરાતકર્તાઓ માટે સામાન્ય માર્ગરેખાઓ પર પ્રસ્તુતિ (પ્રેઝન્ટેશન) સીટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**ઉમેદવારો**
સીટી નીચેની ઑફિસો માટે નામાંકનો સ્વીકારી રહ્યું છે:

- મેયર
- પ્રાદેશિક કાઉન્સિલર
- સીટી કાઉન્સિલર
- સ્કૂલ બોર્ડ ટ્રસ્ટી નીચેની સ્કૂલો માટે:
  - પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ
  - ડફ્લીન-પીલ કેથોલિક ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ
  - મોનએવેનિર (MonAvenir) કેથોલિક સ્કૂલ બોર્ડ

સીટી ઑફ મિસિસાગા સ્કૂલ બોર્ડ ટ્રસ્ટી, વાયમોન્ડે (Viamonde) સ્કૂલ બોર્ડ માટે ઉમેદવારના નામાંકનો સ્વીકારી રહ્યું છે.

ઉમેદવારો માટે નામાંકન ફોર્મ્સ અને માહિતી પૅકેજીસ ઓનલાઈન અને બ્રેમ્પટન સીટી હૉલમાં સીટી ક્લાર્કની ઑફિસમાં ઉપલબ્ધ છે. ફોર્મ્સ એપોઇન્ટમેન્ટ લઈને, રૂબરૂમાં (અથવા એજન્ટ મારફતે), ઑફિસ કામકાજના નિયમિત કલાકો દરમિયાન ઓગસ્ટ 18, 2022 સુધીમાં ભરવા રહ્યાં. જો નામાંકનો ભરવા માટેનો છેલ્લો દિવસ, શુક્રવાર, ઓગસ્ટ 19, 2022 નાં રોજ તમારા ફોર્મ્સ આપવાનું તમારું આયોજન હોય તો એપોઇન્ટમેન્ટ લેવાની જરૂર નથી. ઉમેદવારોને વહેલો તે પહેલોના ધોરણે સેવા માત્ર આ દિવસ પૂરતી આપવામાં આવશે. ફોર્મ્સ આપવા માટેના કલાકો ઓગસ્ટ 19, 2022 નાં રોજ સવારે 9 થી બપોરે 2 વાગ્યા સુધી છે. કૃપા કરી વેબસાઇટ www.brampton.ca/BramptonVotes જોઈને જરૂરી ફોર્મ્સ, માહિતી પૅકેજ અને ફોર્મ્સ આપવા માટે એપોઇન્ટમેન્ટ બૂક કરાવો.

ફોર્મ દાખલ કરવાના સમયે, ફી ($200.00 મેયર માટે, $100.00 બીજા બધાં પદો માટે) રોકડથી, ડેબિટ, પ્રમાણિત ચેક કે મની ઓર્ડર દ્વારા ચૂકવી શકાય છે. અરજદારોએ નામ અને સરનામાનો પુરાવો પૂરો પાડવો રહ્યો. માત્ર અસલ દસ્તાવેજો સ્વીકારવામાં આવશે; ફેક્સથી કે ઇલેક્ટ્રોનિક દસ્તાવેજોની પરવાનગી નથી. કોઈપણ ઉમેદવાર નામાંકન કાગળ દાખલ કરતા પહેલાં કોઈ ઝુંબેશ માટે નાણાં ના તો ખર્ચી શકે અને ના તો મેળવી શકે.

**ત્રાહિત પક્ષ જાહેરાતકર્તાઓ**
કોઈ ઉમેદવારને પ્રોત્સાહન, ટેકો આપવા અથવા તેઓનો વિરોધ કરવા પ્રસારણ, પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક કે અન્ય માધ્યમમાં જાહેરાત આપવા ઈચ્છતી કોઈપણ વ્યક્તિએ, કોર્પોરેશને કે ટ્રેડ યુનિયને સીટી સાથે નોંધણી કરાવવી અનિવાર્ય છે.

ઉમેદવારો માટે નામાંકન ફોર્મ્સ અને માહિતી પૅકેજીસ ઓનલાઈન અને બ્રેમ્પટન સીટી હૉલમાં સીટી ક્લાર્કની ઑફિસમાં ઉપલબ્ધ છે. નોંધણીઓ રૂબરૂમાં (અથવા એજન્ટ મારફતે), નિયમિત ઑફિસ કામકાજના કલાકો દરમિયાન ઓક્ટોબર 21, 2022 સુધીમાં કરાવવી રહી. નોંધણી કાગળો દાખલ કરવાના હેતુસર એપોઇન્ટમેન્ટ લેવી અનિવાર્ય છે. કૃપા કરી વેબસાઈટ www.brampton.ca/BramptonVotes જોઈને જરૂરી ફોર્મ્સ, માહિતી પૅકેજ અને ફોર્મ્સ આપવા માટે એપોઇન્ટમેન્ટ બૂક કરાવો.

નોંધણી કરાવનાર વ્યક્તિએ ફોર્મ દાખલ કરતી વખતે અસલ ઓળખપત્ર રજૂ કરવું જરૂરી છે. કોર્પોરેશન કે ટ્રેડ યુનિયન ત્રાહિત પક્ષ જાહેરાતકર્તા વતી નોંધણી કરાવવા ઈચ્છતા પ્રતિનિધિએ કોર્પોરેશન કે ટ્રેડ યુનિયનના નિયુક્ત અધિકારીનો અધિકૃતિ પત્ર પૂરો પાડવો રહ્યો. માત્ર અસલ દસ્તાવેજો સ્વીકારવામાં આવશે; ફેક્સથી કે અન્ય ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોની પરવાનગી નથી. ત્રાહિત પક્ષ જાહેરાતકર્તા પોતાના નોંધણી કાગળો દાખલ કરાતા પહેલાં કોઈ ઝુંબેશ માટે નાણાં ના તો ખર્ચી શકે, અને ના તો નાણાં મેળવી શકે.

નામાંકન દાખલ કરનાર ઉમેદવારો અને નોંધાયેલા ત્રાહિત પક્ષ જાહેરાતકર્તાઓની યાદી નિયમિતપણે અદ્યતન કરવામાં આવે છે અને તે વેબસાઈટ www.brampton.ca/BramptonVotes પર ઉપલબ્ધ છે.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca